Jigar Publications
VADODARA REGION CHEMICAL COMPANY DIRECTORY 2025
We are preparing Nandesari Industries Association directory Include Nandesari, Padra, Karakhadi - Dudhwada, Savli & Manjusar Chemical Estate.
Contact For Advertisement
Mob: +91 99989 80519
nandesaridirectory@gmail.com

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL

(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 17 ISSUE : 19 DATE: 01- 01 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ પોષ સુદ બારસ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

# દહેજ ખાતે ક્રિસ્ટલ ઈન્ગ્રિડિયન્ટ્સે કૂલિંગ એજન્ટ અને લવિંગ આધારિત પ્રોડક્ટોનું ઉત્પાદન શરૂ કર્યું

મુંબઈ સ્થિત જેમ એરોમેટિકે ગુજરાતના દહેજ સ્થિત પોતાના નવા એકમમાં વિશેષ ઘટકો — જેમ કે આવશ્યક તેલ અને એરોમા કેમિકલ્સ — ના ઉત્પાદક કૂલિંગ એજન્ટ્સ (WS-23 અને WS-03) તેમજ લવિંગ આધારિત ઉત્પાદનો (લવિંગ તેલ અને યુજેનોલ)નું વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કરવાની જાહેરાત કરી છે. આ ઉત્પાદન કંપનીની સંપૂર્ણ માલિકીની સહાયક કંપની ક્રિસ્ટલ ઈન્ગ્રિડિયન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ મારફતે કરવામાં આવી રહ્યું છે.

WS-23 અને WS-03 સિન્થેટિક કૂલિંગ એજન્ટ્સ છે, જે પરંપરાગત મેન્થોલની સરખામણીમાં વધુ ઝડપી અને સ્વચ્છ ઠંડકનો અનુભવ આપે છે, પરંતુ તેમાં તીવ્ર મેન્થી સ્વાદ નથી. આ કારણે તે ઓરલ કેર, ખાદ્ય ઉત્પાદનો અને કોસ્મેટિક્સમાં ખૂબ લોકપ્રિય છે. ઘણીવાર તેને સાથે મિક્સ કરીને વપરાય છે, જેથી WS-23ની શુદ્ધ ઠંડક અને WS-03ની હળવી મેન્થી અનુભૂતિ મળીને લાંબા સમય સુધી ટકનાર કૂલિંગ અસર આપે.

નવી સુવિધા કંપનીની નિશ ઉત્પાદન શ્રેણીમાં હાજરીને મજબૂત બનાવે છે અને પુદીના આધારિત ઉત્પાદનોની બહાર જઈને ઉચ્ચ મૂલ્યવાળા વિશેષ ઘટકોમાં વૈવિધ્યકરણ કરવાની વ્યૂહરચનાને સમર્થન આપે છે. આ

પ્લાન્ટમાં અદ્યતન પ્રોસેસ ટેક્નોલોજી અને કડક ગુણવત્તા ધોરણો સામેલ છે, જેના દ્વારા ઉચ્ચ શુદ્ધતા અને ઉત્તમ ગ્રેડના એરોમા ઘટકોનું ઉત્પાદન સુનિશ્ચિત થાય છે.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી યશ વિપુલ પરીખે જણાવ્યું કે વ્યાવસાયિક કામગીરીની શરૂઆત કંપની માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે અને તે ભવિષ્યમુખી ક્ષમતાઓના નિર્માણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

તેમણે આગળ જણાવ્યું કે કૂલિંગ એજન્ટ્સની શરૂઆત સાથે સાથે આવનાર સમયમાં સિટ્રલ અને ફિનોલ ડેરિવેટિવ્સ જેવા ઉચ્ચ મૂલ્યવાળા ઉત્પાદનો પણ રજૂ કરવામાં આવશે, જેના કારણે ઉત્પાદન વૈવિધ્યકરણ વધુ ઊંડું બનશે અને પુદીના આધારિત ઘટકો પરની નિર્ભરતા ઘટશે.

હાલમાં જેમ એરોમેટિકના ઉત્તર પ્રદેશ, ગુજરાત અને દમણ-દીવમાં ત્રણ ઉત્પાદન પ્લાન્ટ કાર્યરત છે, જેમાં કુલ સ્થાપિત ક્ષમતા ૫,૩૪૬ ટન પ્રતિ વર્ષ (TPA) છે.

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

# દિલ્હીની હવાને લઈને મને એલર્જી થઈ જાય છે : નીતિન ગડકરી




કેન્દ્રના માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ દિલ્હી ખાતે એક કાર્યક્રમમાં કહ્યું કે દિલ્હીની હવાને લઈને તેમને એલર્જી થઇ જાય છે. આ ઝેરીલી હવામાં ૪૦ ટકા ભાગીદારી તેમના વિભાગની છે. તેઓ કેન્દ્રમાં છે, મંત્રી મંડળમાં છે છતાં આ વાત બોલવી બહુ મોટી હિંમત અને ખુલ્લું દિલ જોઈએ.

આપણે વિદેશથી પેટ્રોલ, ડીઝલ મંગાવીને અહીં તેને બાળીને પ્રદુષણ કરીએ છીએ. આ આપણી મઝબુરી બની ગઈ છે. તેમણે ઈલેકટ્રીક વાહનો, બાયો-ફ્યુલ અને ગ્રીન હાઈડ્રોજન ફ્યુલ તરીકે વાપરી આ સમસ્યાને હલાવી કરાવી જોઈએની સલાહ પણ આપી.

નીતિન ગડકરીના નિવેદનોને સરકારે ગંભીરતાથી લેવા પડે છે. અગાઉ તેમને હેલ્થ ઈન્સુરંસ ઉપર જીએસટી ના હોવો જોઈએ તેવી સલાહ આપી હતી. કહો કે સરકારમાં રહી સરકારનો વિરોધ ઉઠાવ્યો હતો. શરૂઆતમાં નાણામંત્રી સીતારમને તે યોગ્ય જ છે તેમાં કશું ન થઇ શકે તેમ જણાવી સ્પષ્ટ નનૌયો ભણ્યો હતો. પરંતુ છ મહિના પછી હેલ્થ ઈન્સ્યુરન્સ ઉપર જીએસટી નાબૂદ કરી દીધો.

દેશમાં માર્ગ અકસ્માતમાં દર વર્ષે પોર્ન બે લાખ લોકો મૃત્યુ પામે છે. તેમજ ત્રણ લાખથી વધારે લોકો વિકલાંગ બને છે.તરારે તેમને ટ્રાફિકના નિયમોના ભંગ બદલ ભારે દંડની જોગવાઈ વાળું બીલ સંસદમાં પાસ કરાવ્યું. પરંતુ અને રાજયોએ તેનો અમલ કરવામાં નન્નો ભણ્યો. પરિણામે કાયદો પણ માળીયે ચડી ગયો. પરિણામે રોડ અકસ્માતમાં મારનાર અને અંગ ગુમાવનારની સંખ્યા વધતી રહી. જેને સ્વજન ગુમાવવાનો વારો આવે તેને કાયદાની ઉપીયોગીતા સમજાય. તે પણ સ્વજન ગુમાવ્યા પછી. આ આપણા દેશની કઠણાઈ છે.















## તંત્રીલેખ

### દેશના મોટા શહેરોમાં વાયુ પ્રદુષણને લઈને ભવિષ્યમાં શ્વસનને લગતા રોગોની કોરોના જેવી સુનામી આવી શકે છે

આજે દિલ્હીના વાયુ પ્રદૂષણના જે સમાચાર આવે છે અને ચર્ચાઓ થાય છે તેવી જ ચર્ચા એક વખત અંકલેશ્વર અને વાપીના હવા પ્રદુષણ માટે થતી હતી. તે વખતે વાયુ પ્રદુષણ શબ્દ નવો હતો. લોકો પાસે વાહનો ન હતા. સાયકલ મુખ્ય વાહન હતું. પબ્લીક ટ્રાન્સપોર્ટ માટે રીક્ષાઓ ખુબ ઓછી વપરાતી હતી. બે ત્રણ કિલોમીટરના અંતર માટે રિક્ષામાં બેસવાને બદલે ચાલી નાખવામાં આવતું. કોઈ ઉતાવળમાં રિક્ષામાં બેસી જાય તો પણ તે ગ્લાનિ અનુભવતો કે હું ફક્ત બે કિલોમીટર માટે રિક્ષામાં બેઠો, .હું આળસુ બની ગયો હોવાના વિચારોથી પીડાતો. આજે સો મીટર પણ ચાલવા માટે કોઈ તૈયાર નથી.

મોટા શહેરો વાહનોના ધુમાડાને લઈને હવા પ્રદૂષણના અડ્ડા બની ગયા છે. વાયુ પ્રદૂષણએ કોરોના પછી ભારતનું સૌથી મોટું હેલ્થ સંકટ છે તેવી ચેતવણી યુકેમાં રહેતા મૂળ ભારતીય પલ્મોનોલોજિસ્ટ દ્વારા આપવામાં આવી છે. જો હવાનાં પ્રદૂષણને રોકવા તત્કાળ કોઈ મહત્વના પગલાં લેવામાં નહીં આવે તો દરેક વર્ષે આ સમસ્યા ગંભીર બનતી જશે અને એક મોટી આરોગ્ય સમસ્યા ઊભી કરશે. આવા સંજોગોમાં ભારતમાં ફેફસાંના રોગોની સુનામી આવી શકે છે તેમ આરોગ્ય નિષ્ણાતોએ જણાવ્યું છે. શ્વાસનળી અને ફેફસાંના રોગો ની સુનામી હજી આવવાની બાકી છે તેમ યુકેના ડોક્ટરોએ કહ્યું છે. ઉત્તર ભારતમાં ફેફસાંના રોગની બીમારી ઘર કરી રહી છે. જે ભવિષ્યમાં મોટું સંકટ સર્જી શકે છે.

દિલ્હીમાં શ્વાસના રોગોના દર્દીઓની સંખ્યામાં ૩૦ ટકાનો વધારો થયો છે. PM 2.5નાં વધતા જતા પ્રમાણને કારણે દર વર્ષે લાખો લોકોના મોત થઈ રહ્યા છે. લિવરપૂલમાં ફેફસાના નિષ્ણાત ડૉ. મનીય ગૌતમે કહ્યું હતું કે, ઉત્તર ભારતમાં રહેતા લોકોને ફેફસામાં વર્ષોથી ઝેરીલી હવા નુકસાન પહોંચાડી રહી છે. હોસ્પિટલમાં જે દર્દીઓ છે તે તો હિમશિલાના ટોચ માત્ર છે. મોટી સંખ્યામાં આ બીમારી હજારો લોકોમાં છૂપાયેલી છે જે હજુ સુધી બહાર આવી નથી. ડૉ. ગૌતમે સરકારને અપીલ કરી હતી કે ફેફસાની બીમારી માટે વહેલામાં વહેલી તકે લોકોના આરોગ્યની તપાસ જરૂરી છે. સારવાર માટે એક ખાસ લંગ હેલ્થ ટાસ્ક ફોર્સ બનાવવાની જરૂર છે. ફેફસાંની બિમારી દૂર કરવા ખાસ ઝુંબેશ અને અભિયાન ચલાવવાની જરૂર છે. ધ લેસેન્ટ કાઉન્ટડાઉન ઓન હેલ્થ એન્ડ કલાઈમેટ ચેન્જ ૨૦૨૫નાં રિપોર્ટ મુજબ ભારતમાં ૨૦૨૨માં PM2.5 પ્રદૂષણથી ૧૭ લાખથી વધુનાં મોત થયા હતા જેમાં ૨.૯૯ લાખ મોતનું કારણ માર્ગ પરિવહનમાં ઉપયોગમાં લેવાતું પેટ્રોલ હતું. જો આપણે વહેલા નહીં જાગીએ તો મોટું સંકટ સર્જાઈ શકે છે.

લંડનનાં હાર્ટનાં રોગોના નિષ્ણાતે કહ્યું છે કે વિશ્વમાં છેલ્લા ૧૦ વર્ષમાં હાર્ટનાં રોગોમાં વધારો થયો છે. જેનું કારણ વાયુ પ્રદૂષણ છે. મોટાપાથી પણ હાર્ટના રોગો થાય છે. બર્મિંગહામમાં હાર્ટનાં નિષ્ણાત ડૉ.ડેરેક કોનો લીએ કહ્યું હતું કે, હૃદયરોગ ધીમે ધીમે વધે છે. પ્રદૂષણના નાના નાના કણ કે જે નરી આંખે જોઈ શકાતા નથી તે PM2.5નાં ખતરાને લોકો સમજી શકતા નથી. મોટરકાર, વિમાન અને અન્યોમાંથી નીકળતા ધુમાડા તેનું મોટું કારણ છે.

સંસદના તાજેતરના શિયાળુ સત્રમાં, સરકારે જણાવ્યું હતું કે ઉચ્ચ હવા ગુણવત્તા સૂચકાંક (AQI) સ્તર અને ફેફસાના રોગો વચ્ચે સીધો સંબંધ સાબિત કરતો કોઈ નિર્ણાયક ડેટા નથી. જો કે, તેણે સ્વીકાર્યું કે વાયુ પ્રદૂષણ શ્વસન સમસ્યાઓ અને સંબંધિત બીમારીનું કારણ બને છે. જો કે AQI વધવા માટેના કારણોમાં સૌથી આગળ PM2.5 જ હોય છે. ખુબ જ નાના કણો શ્વાસ વડે ફેફસામાં આવીને લોહીમાં ભાડે છે. તેને બહાર કાઢવા શક્ય નથી.

આરોગ્ય મંત્રાલયે સંસદમાં રજૂ કરેલા તેના ડેટામાં જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં દિલ્હીમાં તીવ્ર શ્વસન રોગોના ૨૦૦,૦૦૦ થી વધુ કેસ નોંધાયા છે, જેમાંથી લગભગ ૩૦,૦૦૦ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ધ લેન્સેટ કાઉન્ટડાઉન ઓન હેલ્થ એન્ડ ક્લાઈમેટ ચેન્જ ૨૦૨૫ ના અહેવાલ મુજબ, PM2.5 પ્રદૂષણ ૨૦૨૨માં ભારતમાં ૧.૭ મિલિયનથી વધુ મૃત્યુનું કારણ બનવાની ધારણા છે. આમાંથી ૨૬૯,૦૦૦ મૃત્યુ રોડ ટ્રાન્સપોર્ટ માટે વપરાતા પેટ્રોલને કારણે થયા હતા.

અંકલેશ્વર પધારેલ પર્યાવરણ મંત્રી પ્રવિણ માળી એ જણાવ્યું કે અંકલેશ્વરના હવા પ્રદુષણ માટે ફક્ત ઈન્ડસ્ટ્રીઝ જવાબદાર નથી. આ વાક્ય લોકોએ સ્વીકારી લીધું. કારણકે હવે લોકોના મનમાં વાહનોથી થતા વાયુ પ્રદુષણ સ્વીકારી લીધું છે. તેમના મનમાં એમ પણ છે કે વાહનોથી બહુ મોટા પ્રમાણમાં વાયુ પ્રદુષણ થાય છે. આ લોકોના મનમાં આવેલ બદલાવની તાસીર છે. બાકી આજથી ૧૫ વર્ષ પહેલા આ વાક્ય બોલ્યા હોત તો પર્યાવરણવાદીઓ, મીડિયા અને લોકો તેના કેવા પ્રતિભાવ આપત તે કલ્પનાનો વિષય છે. જો કે હજુ વાયુ પ્રદુષણ ઘટાડવામાં લોકો અને ઈન્ડસ્ટ્રીઝ ઘણું બધું કરી શકે છે.

# રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ તેની ૧૦૦ મી જયંતિ પંચ પરિવર્તન માટે લોકોને જાગૃત કરીને ઉજવી રહ્યું છે

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ તેની ૧૦૦ મી જયંતિ ઉજવી રહ્યું છે. આ નિમિત્તે તે દેશમાં દરેક હિંદુના ઘરે ઘરે જઈને સંઘના સ્વયંસેવકો સંઘ વિષે તેમજ પાંચ પરિવર્તન વિષે સમાજ આપી રહ્યા છે. તેને વ્યવહારમાં ઉતારવા ભાર આપી રહ્યો છે.

વિક્રમ સંવત ૧૯૮૨, વિજ્યાદશમી, ૧૯૨૫થી શરુ થયેલ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થયા છે. સંઘ આજે વિશ્વનું સૌથી મોટું સામાજિક સંગઠન બન્યું છે. સમાજમાં સંઘ અંગે જાણવાની ઉત્સુકતા જોવા મળે છે. સંઘસ્થાપક ડૉક્ટર હેડગેવાર જન્મ જાત દેશભક્ત હતા. તેઓ સ્વાધીનતા આંદોલનમાં સક્રિય હતા. આ માટે તેઓને ૧૯૨૧ અને ૧૯૩૦ એમ બે વખત સશ્રમ જેલવાસ સહેવો પડયો હતો. સંઘની સ્થાપના, દેશ સ્વાધીનતા માટેનો સંઘર્ષ કરી રહ્યો હતો એવા સમયે થઈ હતી. સંઘસ્થાપનાનું એક લક્ષ્ય દેશની સ્વાધીનતા પ્રાપ્તિ માટેનું હતું.

પૂજ્ય ડૉક્ટર હેડગેવારજીનો સ્પષ્ટ મત હતો કે રાષ્ટ્રની સ્વતંત્રતા બાદ પરમ વૈભવની પ્રાપ્તિ તથા સમાજની વિવિધ સમસ્યાઓનું સ્થાયી સમાધાન સંપૂર્ણ હિન્દુ સમાજના સંગઠિત થવાથી જ થશે. વિવિધતાઓને જ ભેદ માનીને અસંગઠિત બનેલા હિન્દુ સમાજને તેઓએ હિંદુત્વના આધારે સંગઠિત કરવાના વિચાર સાથે સંઘની સ્થાપના કરી. વાસ્તવમાં, એકતાના જ વિવિધ સ્વરૂપો જોવા મળે છે.

સંગઠનના આ ભગીરથ અને મહત્વપૂર્ણ કાર્ય માટે તેવા જ ગુણવાન કાર્યકર્તાઓની આવશ્યકતા હતી. આવા કાર્યકર્તા નિર્માણ કરવા માટે ડૉક્ટર હેડગેવારજીએ એક સરળ પરંતુ ખૂબ જ પરિણામકારી દૈનંદિન શાખાની કાર્યપધ્ધતિ સંઘમાં વિકસિત કરી. વ્યક્તિનિર્માણ માટે ચાલનારી નિત્ય શાખામાં રમતો, વ્યાયામ, યોગાસન, ગીત, વાર્તા, પ્રાર્થના જેવા કાર્યક્રમો નિશ્ચિત થયા.

આ કાર્યક્રમો, સહજ રીતે સ્વયંસેવકોમાં સાહસ, વીરતા, શૌર્ય, રાષ્ટ્રીય ચારિત્ર્ય, અનુશાસન, દેશભક્તિ, સેવા વગેરેના ગુણોનું નિર્માણ કરે છે. એટલે જ.... સમાજમાં સંઘનો એવો પરિચય પ્રસ્થાપિત થયો છે કે – "સંઘ એટલે દેશભક્તિ અને નિઃસ્વાર્થ સેવા"

વર્તમાનમાં સંપૂર્ણ ભારતના મહત્તમ જિલ્લાઓ અંતર્ગત મહત્તમ તાલુકાઓમાં સંઘની શાખાઓ ચાલી રહી છે. વર્તમાનમાં ૫૧,૭૪૦ સ્થાન ઉપર ૮૩,૧૨૯ શાખા અને ૨૨,૮૬૬ સાપ્તાહિક મિલન ચાલે છે. દેશભક્તિની સંવેદનાથી ઓતપ્રોત સ્વયંસેવક સમાજના કષ્ટ જોતા જ તુરંત સેવાકાર્ય માટે પહોંચી જાય છે. માત્ર આપદાના સમયે જ નહીં, પરંતુ નિયમિતરુપે સમાજમાં દેખાતા અભાવ, પીડા, ઉપેક્ષા દૂર કરવા સ્વયંસેવકો પોતાની ક્ષમતા અનુસાર સર્વત્ર પ્રયાસ કરે છે. આજે સ્વયંસેવકો સમાજના સહયોગથી સ્વાસ્થ્ય, શિક્ષણ, સામાજિક અને સ્વાવલંબનના વિષયોમાં સંપૂર્ણ ભારતમાં ગ્રામીણ અને નગરીય ક્ષેત્રોમાં ૧,૨૯,૦૦૦ જેટલા સેવા કાર્ય ચલાવી રહ્યા છે.

પંચ પરિવર્તન :

આમ તો સ્વયંસેવક નિયમિતરૂપે સમાજ પરિવર્તન અને સમસ્યાઓના સમાધાન માટે સતત કાર્યરત રહે છે. શતાબ્દી વર્ષથી મહત્વના પાંચ વિષયો પર સજ્જનશક્તિના સહયોગથી જનજાગરણ માટે વિશેષ પ્રયત્ન એ જ "પંચ પરિવર્તન" જેમાં સામાજિક સમરસતા, પર્યાવરણ સંરક્ષણ, કુટુંબ પ્રબોધન, સ્વ આધારિત જીવન અને નાગરિક કર્તવ્ય બોધ છે.

૧. સામાજિક સમરસતા :

દુર્ભાગ્યથી, આપણાં હિન્દુસમાજમાં કેટલીક જાતિને અછૂત ગણી અન્યાયપૂર્ણ અને અમાનવીય વ્યવહાર થઈ રહ્યો છે. આ અન્યાયને દૂર કરી સૌને સાથે લઈ આગળ વધવાના પ્રયાસો સામાજિક સમરસતાના માધ્યમથી શરૂ થયા છે. આપણો હિન્દુસમાજ વિવિધ જાતિઓના નામોથી ઓળખાતો રહ્યો છે. પરંતુ, તેના કારણે ક્યારેય પણ સમાજમાં છૂઆછૂતનો ભેદભાવ નથી રહ્યો. સંઘર્ષકાળમાં આવી ગયેલી આ વિકૃતિનું કેટલાક નિહિત સ્વાર્થી તત્વો જાતીય ભેદભાવ અને વૈમનસ્ય વધારી સમાજને વિભાજિત કરવાનું કાર્ય કરતાં રહ્યા છે.

સમાજમાં છૂઆછૂત અને ભેદભાવને દૂર કરવા માટે આપણા મિત્ર પરિવારમાં તમામ જાતિ સમુદાયના લોકોને સામેલ કરીએ અને સમયે સમયે પારિવારિક કાર્યક્રમોમાં પણ સૌને સંમિલિત કરવાના પ્રયાસો કરીએ.

આપણા ઘર કે કાર્યસ્થળે સહયોગી અને સેવા આપનારા સૌની સાથે આપણો વ્યવહાર પ્રેમપૂર્વકનો રહે. તે સૌને વર્ષભરમાં આવતા શુભપ્રસંગોમાં સપરિવાર સન્માનપૂર્વક નિમંત્રિત કરીએ તથા તે સહુના ઘેર પણ સહજ મળવાનું – આવવા-જવાનું રહે.

તમામ જાતિ અને સમુદાયના અગ્રણીઓ એક સાથે બેસીને કેટલાક સહિયારા પ્રશ્નો અને પડકારો પર વિચાર કરવા તથા તેનો ઉકેલ મેળવવા સામૂહિક પ્રયાસો કરે તે જરુરી છે.

૨. પર્યાવરણ સંરક્ષણ :

આપણી હિન્દુ સંસ્કૃતિમાં પ્રકૃતિન માતા માનવામાં આવી છે. સૃષ્ટિ પરના બધાં જ જીવોની તે માતા છે. પરંતુ, પશ્ચિમી ભૌતિકતાવાદી જીવનશૈલીનો પ્રભાવ વધવાને કારણે પ્રકૃતિનું શોષણ થઈ રહ્યું છે. પશ્ચિમી વિકાસના માપદંડોના આધારે થયેલા વિકાસથી માત્ર ૫૦૦ વર્ષોમાં જ સૃષ્ટિનું પર્યાવરણીય સંતુલન બગડયું છે. આ બગડેલા સંતુલનને પુનઃ ઠીક કરવાના પ્રયત્નોમાં જનભાગીદારી વધારી પર્યાવરણ અંગે જાગૃતિ અને સક્રિયતા લાવવી જરૂરી છે.

આપણા જીવનમાં ઓછામાં ઓછી ત્રણ બાબતો તો આપણે વ્યવહારમાં લાવી શકીએ.

- પાણીની બચત. -સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો. -હરિયાળી માટે વૃક્ષ સંવર્ધન.




"પંચ પરિવર્તન" જેમાં સામાજિક સમરસતા, પર્યાવરણ સંરક્ષણ, કુટુંબ પ્રબોધન, સ્વ આધારિત જીવન અને નાગરિક કર્તવ્ય બોધ છે.

૩. કુટુંબ પ્રબોધન :

ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં કુટુંબનું વિશેષ મહત્વ છે. આધ્યાત્મિક દ્રષ્ટિએ આ કુટુંબ એટલે 'હું થી આપણા' સુધીની યાત્રાનું પ્રથમ પગથિયું.

વર્તમાનમાં શહેરીકરણ અને જીવનની ભાગદોડમાં પરિવારો નાના થઈ રહ્યા છે. પરિવાર ભાવના પુનઃજાગૃત કરવા માટે કેટલીક સારી ટેવો અને બાબતો આપણા વ્યવહારમાં લાવીએ. સહુ પરિવારજનો સપ્તાહમાં એકવાર નિશ્ચિત સમયે પોતાના ઘરમાં શ્રદ્ધાનુસાર સામૂહિક ભજન, કીર્તન, સત્સંગ સાથે મંગલ સંવાદ કરે. સામૂહિક ભોજન પછી અનૌપચારિક ગપશપ કરવી જોઈએ.

આ અનૌપચારિક અને સહજ સંવાદ/વાર્તાલાપમાં આપણે કોણ છીએ..? વર્તમાન સમયમાં સંસ્કાર ટકાવી રાખવા માટે શું કરવું જો ઈએ..? આપણી કુળરીતિ શું છે ? આપણી હિન્દુજીવનશૈલી કેટલી વૈજ્ઞાનિકતા પર આધારિત છે? આપણી આસપાસ અને દેશ-વિશ્વમાં આપણું ગૌરવ વધારે તેવી ઘટનાઓનું સ્મરણ કરીએ. આપણા શત્રુ-મિત્રનો બોધ સમજીએ... જેવા વિષયોની ચર્ચા કરીએ. તેના આધારે પારિવારિક સહમતીથી તેનું અમલીકરણ કરી શકાય.

૪. સ્વ આધારિત જીવન :

સ્વ આધારિત જીવનનું તાત્પર્ય છે કે આપણો દેશ સમાજજીવનના બધા જ ક્ષેત્રોમાં સ્વાવલંબી બને, આત્મનિર્ભર બને. સ્વદેશી જીવનશૈલીને પ્રત્યેક વ્યક્તિ, પ્રત્યેક પરિવારે જીવન વ્યવહારમાં અપનાવવી પડશે, ત્યારે જ ભારત આત્મનિર્ભર બનશે. ભાષા-ભૂષા–ભોજન-ભજન-ભ્રમણ-ભવન પ્રત્યેકમાં 'સ્વ' નો ભાવ જાગ્રત થાય. આ માટે કાલ સુસંગત સ્વદેશી જીવનશૈલી પ્રત્યેક વ્યક્તિ, પરિવાર પોતાના જીવન વ્યવહારમાં અપનાવશે ત્યારે જ ભારત આત્મનિર્ભર, સ્વાભિમાની અને વૈભવ સંપન્ત રાષ્ટ્ર બનશે.

૫. નાગરિક કર્તવ્ય બોધ :

પ્રત્યેક પરિસ્થિતિમાં ભારતીય સંવિધાનમાં દર્શાવેલા નાગરિક કર્તવ્યોનું અને કાયદાઓનું પાલન કરવું. રાષ્ટ્રીય સંપત્તિનું સંરક્ષણ કરવું અને તેની જાળવણી કરવી. જાહેર વ્યવસ્થાઓના નિયમોનું અનુશાસનપૂર્વક પાલન કરવું. આ બધી બાબતોના નિયમ પાલનની શરુઆત "મારાથી કરીશ, મારા પરિવારમાં થશે" ત્યારે જ સંપૂર્ણ સમાજમાં જોવા મળશે. પરિણામે ભારત એક અનુશાસિત અને સશક્ત રાષ્ટ્ર બનશે.

ગત ૧૦૦ વર્ષથી સંઘનો આ વૈચારિક આંદોલનરુપી મહાયજ્ઞ અવિરત ચાલી રહ્યો છે. સંપૂર્ણ સમાજને સંગઠિત કરી દેશ સામે આવનારી તમામ સમસ્યાઓ અને પડકારોનું સમાધાન કરવા, સમાજમાં સ્થાયી પરિવર્તન લાવવા માટે સમાજની વ્યવસ્થાઓનું યુગાનુકુલ પુનઃનિર્માણ કરવું એ સંઘનું આગળનું ચરણ છે.

પરંતુ આપણો દેશ ખૂબ જ વિશાળ છે. આ માટે કોઈ એક સંગઠન તેમાં સ્થાયી પરિવર્તન ન લાવી શકે. આથી જ સજ્જનશક્તિની સક્રિયતા અને સહયોગ અત્યંત જરૂરી છે. આપણી પવિત્ર માતૃભૂમિને પુનઃ વિશ્વગુરુ બનાવવા માટે પુરૂષાર્થ કરવાનો સમય છે. 'સ્વ' આધારિત તંત્રના વિકાસની આવશ્યકતા છે. આ માટે તમામ મતભેદ ભૂલીને સૌએ એક સાથે આવીને આ કાર્ય કરવું પડશે.

## વાસદથી કીમ સુધીનો એક્સપ્રેસ-વે ઉત્તરાયણ સુધીમાં કાર્યરત થઈ જવાની સંભાવના

વાસદ-(વડોદરા) અને ભરૂચના દહેગામને જોડતાં નવા એકસપ્રેસ હાઈવેને પુનગામ (અંકલેશ્વર) સુધી ખુલ્લો મુકાયો છે. હવે ઉત્તરાયણ સુધીમાં આ એક્સપ્રેસ વે ને પુનગામથી કીમ સુધી ખુલ્લો મુકી દેવાના ચક્રો ગતિમાન થયા છે. જેના કારણે વાસદથી સુરત તરફ જતાં વાહનોને ભરૂચ શહેરમાંથી પસાર થવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે. અંક્લેશ્વર, હાંસોટ અને ઓલપાડ તરફથી જતાં અને આવતાં વાહનો પુનગામ પાસેથી નવા એક્સપ્રેસ વે ની કનેકટીવીટી મેળવી શકશે.

દિલ્હી અને મુંબઈને જોડતા નેશનલ એકસપ્રેસ હાઈવે પર હવે વાસદથી સીધા કીમ સુધી જઈ શકાશે. ઉત્તરાયણ સુધીમાં પુનગામથી કીમ સુધીના માર્ગને ખુલ્લો મુકી દેવાશે તેમ હાઈવે ઑથોરિટીએ જણાવ્યું હતું. અત્યારે વાસદ તરફથી આવતાં અને જતાં વાહનોને પુનગામ પાસેથી હાઈવે પરથી નીચે ઉતરીને સુરત તરફ જવું પડતું હોય છે. સુરત તરફથી આવતાં વાહનો પુનગામ પાસેથી હાઈવે પર વાસદ તરફ જઈ શકે છે. હવે પુનગામથી કીમ સુધીનો માર્ગ તૈયાર થઈ જતાં ૩ જયારે આ રસ્તો ખુલ્લો મુકાશે ત્યારે વાસદ તરફથી આવતાં અને જતાં વાહનો સીધા કીમ સુધી જઈ શકશે. આ માર્ગને ખુલ્લો મુકાતાં વાહનચાલકોનો ભરૂચ થઈને જવાનો ૩૦ કિમીનો ફેરાવો ઓછો થઈ જશે અને ભરૂચ શહેરવાસીઓને એક્સપ્રેસ પરથી આવતાં વાહનોના ટ્રાફિકમાંથી મુક્તિ મળશે. ભરૂચ શહેરમાં સર્જાતા ટ્રાફિકજામને નિવારવા માટે વાસદ - દહેગામ હાઈવેને પુનગામ સુધી ખુલ્લો મુકી દેવાયો હતો જેના કારણે વાહનચાલકોનો વાયા ભરૂચ થઈને જવાનો ૩૦ કિમીનો ફેરાવો બચી જવાની સાથે દોઢ કલાકનો સમય બચી રહયો હતો. હવે વાહનો નવા હાઈવે પરથી સીધા કીમ સુધી જઈ શકશે.

ખાસ તો અત્યારે જે પહેલાના હાઈવે ઉપર ટ્રાફિકનું ભારણ છે તે પણ ઓછું થશે. કારણકે હવે સુરત જેવી મોટી સિટીનો ટ્રાફિક એક્સપ્રેસ વેનો ઉપયોગ કરવાની સંભાવનાઓ પ્રબળ બની છે.

જો કે પુંગામ નજીક હંગામી ધોરણે જે રસ્તો બનાવ્યો છે તેનો ઢાળ વિકટ હોવાથી વાહનચાલકો માટે વાહન ચઢાવવું કસોટીરૂપ બને છે. તેથી તે જગ્યાએ જલદી એન્ટ્રી એક્ઝીટ બને તે જરૂરી છે.

## રાજકોટનું શાપર ગામ ઘન કચરાના નિકાલમાં સમગ્ર રાજ્યમાં અગ્રેસર સિસ્ટમ જોઈ યુનિસેફની ટીમ આફરીન

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાનું શાપર ગામ ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરતું જિલ્લાનું જ નહીં સમગ્ર ગુજરાત રાજ્યનું પ્રથમ ગામ બન્યું છે. ઘરે-ઘરેથી કચરો એકત્રિત કરવાની સાથે ગામના જાહેરમાર્ગો પરથી કચરાની સફાઈ બાદ એકઠા થયેલા કચરાને ગ્રામપંચાયત દ્વારા તેને અલગ અલગ છૂટું પાડીને પ્લાસ્ટિક, કપડાં, કાગળ, લોખંડ સહિતની વસ્તુઓ અલગ-અલગ તારવી તેનો યોગ્ય નિકાલ કરાય છે . ભીના કચરામાંથી વર્મીકમ્પોસ્ટ ખાતર પણ બનાવવામાં આવી રહ્યું છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ નિહાળી રાજકોટ જિલ્લાની મુલાકાતે આવેલ યુનિસેફની ટીમ પણ આફરીન પોકારી ઊઠી હતી.

રાજકોટ જિલ્લામાં નાના એવા શાપર ગામે સોલિડવેસ્ટ મેનેજમેન્ટમાં મોટા શહેરને પણ પાછળ રાખી દે તેવી પ્રગતિ કરી છે. ઓક્ટોબર-૨૦૨૫થી શાપર ગામના સરપંચ જયેશ કાકડિયાએ જણાવ્યું હતું કે ગ્રામપંચાયત દ્વારા પ્રદૂષણ સામે જંગ છેડી ઘન કચરાના નિકાલ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને ખાનગી કંપનીના સીઆરએસ ફંડનો ઉપયોગ કરી રૂપિયા ૫૬ લાખના ખર્ચે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ કાર્યરત કર્યો છે. કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલને કારણે ગામમાં કચરાના સ્થાન શૂન્ય થઈ ગયા છે.

રાજકોટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક વસ્તાણી અને કો-ઓર્ડિનેટર મીનાક્ષીબેને જણાવ્યું હતું કે, રાજકોટના ૫૧ ગામમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી ઘરે ઘરેથી કચરો એકત્રિત કરાય છે. જેમાં શાપર ગ્રામપંચાયત દ્વારા અનેરી પહેલ કરી સીવાયડીએ નામની કંપનીના સીઆરએસ ફંડનો ઉપયોગ કરી ઘન કચરાના નિકાલ માટે વ્યવસ્થા કરી છે. તારીખ ૨૨ ડીસેમ્બરે યુનિસેફની ટીમના ચાર સભ્યોએ આ પ્લાન્ટની મુલાકાત લઈ પ્લાન્ટના વખાણ કરવાની સાથે રાજ્યના તમામ ગામોમાં આવી વ્યવસ્થા કરવા ભલામણ કરી હતી. સાથે જ આગામી સમયમાં શાપરને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરૂ કરવા આર્થિક ભંડોળ ફાળવવા યુનિસેફની ટીમે ખાતરી આપી હતી.

## એર પ્યોરીફાયર પર GST ઘટાડવાનો નિર્ણય મુલત્વી રખાયો

કેન્દ્ર સરકારે ૨૬ મી ડીસેમ્બરે એર પ્યોરીફાયર પર GST ઘટાડવાનો નિર્ણય મુલતવી રાખ્યો છે. દિલ્હી હાઈકોર્ટ દ્વારા નવી દિલ્હીમાં પ્રદુષણ ની ગંભીર સ્થિતિ ને લગતી અરજી પર સુનાવણી વખતે આ મુદ્દે વિચાર કરવા અનુરોધ કરવામાં આવ્યા પછી એક દિવસ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર વતી એડિશનલ સોલિસિટર જનરલ એન વેંકટરમને જસ્ટિસ વિકાસ મહાજન અને વિનોદકુમારની બેન્ચને જણાવ્યું હતું કે આરોગ્ય મંત્રાલયના નિર્ણય મુજબ એર પ્યોરિફાયર મેડિકલ ડિવાઈસ ગણી શકાય નહીં. કેન્દ્ર સરકારે કોર્ટને કહ્યું કે કોઈપણ ચીજવસ્તુનું ક્લાસિફિકેશન અને GST નાં દરોનું નિર્ધારણ એક વિસ્તૃત કાનૂની પ્રક્રિયા છે. જેને GST કાઉન્સિલ દ્વારા નક્કી કરવામાં આવે છે. જે કેન્દ્ર તેમજ તમામ રાજયો દ્વારા સાથે મળીને બનાવવામાં આવેલી એક બંધારણીય સંસ્થા છે. સરકારે કહ્યું કે કોઈપણ ફેરફાર માટે સલાહ, લાઈસન્સિંગ અને નિયમનકારી તપાસ જરૂરી છે. જેનો નિર્ણય રિટને કારણે ઉતાવળે લઈ શકાય નહીં. જો આવી અરજી પર વિચારણા કરવામાં આવે અને તેને છૂટ અપાય તો પછી અનેક સેક્ટર દ્વારા આ પ્રકારે GST માં છૂટની માંગણી કરવામાં આવશે. વેંકટરમને કહ્યું કે આ મુદ્દાની તપાસ અગાઉ ઉચ્ચ સ્તરે કરવામાં આવી છે જેમાં નાણાપ્રધાન પણ સામેલ હતા, બીજી વાત એ કે કોર્ટ GST કાઉન્સિલની ટેક્સના દરમાં ફેરફાર કરવાનો નિર્દેશ આપી શકે નહીં.

કેસની વધુ સુનાવણી હવે ૯મી જાન્યુઆરીએ હાથ ધરાશે. બેન્ચે વાયુ પ્રદૂષણ ને ધ્યાનમાં લઈને લોકોના આરોગ્ય પર પડનારી માઠી અસર અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને સવાલ કર્યો હતો કે એર પ્યોરિફાયર કે જેની કિંમત રૂ. ૧૦,૦૦૦થી રૂ. ૧૫,૦૦૦ની વચ્ચે છે તેને ખાસ અધિકારો ધરાવતા સામાન્ય પરિવારો માટે સસ્તા શા માટે બનાવવામાં ન આવે ?

# શ્રી ખોડલધામ ટ્રસ્ટ દ્વારા બે જગ્યાએ મંદિર નિર્માણની જાહેરાત



શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ૨૭ ડિસેમ્બરના રોજ એક મોટી જાહેરાત કરવામાં આવી છે. આજ રોજ શ્રી ખોડલધામ ટ્રસ્ટના મુખ્ય કાર્યાલય ખાતે ટ્રસ્ટના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં એક કોર કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં અલગ અલગ બે જગ્યાએ શ્રી ખોડલધામ

મંદિર સંકુલ નિર્માણની મહત્વની જાહેરાત કરવામાં આવી છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા કાગવડ સ્થિત શ્રી ખોડલધામ મંદિરની જેમ જ દક્ષિણ ગુજરાતની ધરતી પર સુરતમાં અને વિદેશની ધરતી પર લંડનમાં શ્રી ખોડલધામ મંદિર સંકુલના નિર્માણની જાહેરાત કરવામાં આવી છે.

કોર કમિટીની બેઠક બાદ ચેરમેન નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી મંડળની કોર કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં હાલ ચાલી રહેલા પ્રોજેક્ટની સમીક્ષા કરવામાં આવી હતી અને આગામી સમયના પ્રકલ્પોની પણ ચર્ચા કરવામાં આવી હતી. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા હાલ રાજકોટ નજીક અમરેલી ગામ પાસે અદ્યતન વૈશ્વિક કક્ષાની કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સાથે જ ઉત્તર ગુજરાતમાં પાટણના સંડેર ગામ પાસે શ્રી ખોડલધામ સંકુલનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.

ટૂંક સમયમાં આ બન્ને પ્રોજેક્ટ પૂર્ણ કરીને સમાજને અર્પણ કરવામાં આવશે. સાથે સાથે આવતા દિવસોમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના પ્રકલ્પો પ્રમાણે મધ્ય ગુજરાત એટલે કે અમદાવાદમાં એક શ્રી ખોડલધામ સંકુલ બનાવવાનું પણ આયોજન છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી પાસે પણ ભવનનું નિર્માણ

કરવામાં આવશે.

વધુમાં નરેશભાઈ પટેલે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં સુરતમાં પણ શ્રી ખોડલધામ મંદિર સાથેનો પ્રોજેક્ટ મૂકવામાં આવ્યો છે. સાથે જ વધુ આનંદની વાત એ છે કે, આજે આ કોર કમિટીની બેઠક યોજાવાની હતી તેના થોડા કલાકો પહેલા લંડનમાં વસતાં ખોડલધામના સ્વયંસેવકોએ આજે શ્રી ખોડલધામ મંદિરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેઓએ અમારી સાથે ચર્ચા કરીને લંડનમાં પણ ખોડલધામ મંદિર બનાવવાનો નિર્ણય લીધો છે. તેથી લંડનમાં પણ ટૂંક સમયમાં શ્રી ખોડલધામ મંદિર નિર્માણનું કામ ચાલુ થશે. આ બન્ને જગ્યાએ નિર્માણ પામનાર મંદિર સંકુલ પાટણના સંડેર ખાતે બની રહેલા મંદિર સંકુલની જેમ જ નિર્માણ પામશે. પાટણના સંડેર ખાતે હાલ ૪૨ હજાર ઘનફૂટ પથ્થરમાંથી મંદિર નિર્માણનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં જ સુરત અને લંડનમાં નિર્માણ પામનાર શ્રી ખોડલધામ મંદિર સંકુલ પ્રોજેક્ટની વધુ વિગતો જાહેર કરવામાં આવશે.


# મહુવા સુગર ફેક્ટરી ખાતે મુખ્યમંત્રી દ્વારા ૨૫ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ બાયોગેસ યુનિટનું લોકાર્પણ

સુરત જિલ્લાના મહુવા તાલુકાના બામણીયા સ્થિત મહુવા સુગર ફેકટરી ખાતે રૂપિયા ૨૫ કરોડના ખર્ચે પર્યાવરણ સંરક્ષણ, ઉર્જા બચત અને ટકાઉ ઔદ્યોગિક વિકાસના ઉદ્દેશ સાથે નિર્મિત આધુનિક બાયોગેસ યુનિટનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરાયું હતું. આ બાયોગેસ યુનિટ અંતર્ગત પ્રતિદિન ૧૯-૫૦૦ ક્યુબિક મીટર ક્ષમતાવાળો બાયોગેસ પ્લાન્ટ, પ્રતિદિન ૬૨૦ ક્યુબિક મીટર ક્ષમતાવાળો સી.પી.યુ. પ્લાન્ટ તથા પ્રતિદિન ૫૦૦ ક્યુબિક મીટર ક્ષમતાવાળો ઈવોપરેશન પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યો છે.

મહુવા સુગર ફેકટરીમાં બાયોગેસ પ્લાન્ટ માંથી ઉત્પન્ન થનાર ગેસ દ્વારા ફેક્ટરીના બોઈલર ચલાવવામાં આવશે, જેના પરિણામે બગાસની નોંધપાત્ર બચત થશે તેમજ ઉર્જા ખર્ચમાં ઘટાડો થશે. સાથે જ સી.પી.યુ.પ્લાન્ટ મારફતે પાણીનું શુદ્ધિકરણ કરવામાં આવશે, જેથી શુદ્ધ થયેલ પાણીનો ફરીથી ઉપયોગ શક્ય બનશે.

# મુંબઈમાં કબૂતરને ચણ નાખવા બદલ કોર્ટે ૫,૦૦૦ રૂપિયાનો દંડ કર્યો

મુંબઈની એક કોર્ટે એક ઉદ્યોગપતિની જાહેર સ્થળે કબૂતરને ચણ નાખવા બદલ દોષિત ઠેરવ્યા છે અને ૫,૦૦૦ રૂપિયાનો દંડ ભરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે નોંધ્યું હતું કે કબૂતરની હગારથી ફેફસાંના ગંભીર રોગોનું જોખમ હોવાથી કબૂતરને ચણ નાખવું ગુનો બને છે. બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરના મોટાભાગના ભાગોમાં કબૂતરને ચણ નાખવા પર પ્રતિબંધ મૂક્યાના મહિનાઓ પછી આ આદેશ આપ્યો છે. દાદરના રહેવાસી નીતિન શેઠ (૫૨)ની ગત પહેલી ઓગસ્ટે મુંબઈ માહિમ વિસ્તારમાં હવે બંધ પડેલા કબૂતર ખાના ખાતે કબૂતરને ચણ નાખવા બદલ ધરપકડ કરાઈ હતી. શહેરની બહુમાળી બિલ્ડીંગ સિસ્ટમ કબૂતર માટે અદશ્ય હોવાથી કબૂતરોની સંખ્યામાં મોટા પ્રમાણમાં વધારો થયો છે.




ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer: SPITMAAN® Champion Jointing Pvt. Ltd. Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો ફાઈનલ માસ્ટર પ્લાન રજૂ

## રાજકોટ નજીક અમરેલી ગામ પાસે ૩ વર્ષમાં ૨૨૦ બેડની અદ્યતન હોસ્પિટલ નિર્માણ પામશે








રાજકોટઃ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા રાજકોટ નજીક આવેલા અમરેલી ગામ પાસે અદ્યતન સુવિધાસભર શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ૨૦ ડિસેમ્બર ને શનિવારના રોજ શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો ફાઈનલ માસ્ટર પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ, ટાટા મેમોરિયલ હોસ્પિટલના ડોક્ટર પદ્મશ્રી ડો. રાજેન્દ્ર અચ્યુત બડવે ની ઉપસ્થિતિમાં હોસ્પિટલની ડિઝાઈન, ઈન્ટિરિયર, સંપૂર્ણ પ્લાન અને સુવિધાઓ અંગેના લે-આઉટ પ્લાનનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

આ હોસ્પિટલનું નિર્માણ ટાટા મેમોરિયલ ટ્રસ્ટના પદ્મશ્રી ડો. રાજેન્દ્ર બડવેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યું છે. કુલ ૪૩ એકર જમીન પૈકી ૩૩ એકર જમીન પર પ્રથમ ફેઝમાં ૨૨૦ બેડની અદ્યતન હોસ્પિટલનું નિર્માણ થશે. અહીં કેન્સર સંબંધિત તમામ નિદાન, સારવાર અને અનુસંધાન સુવિધાઓ એક જ સ્થળે ઉપલબ્ધ રહેશે.

ખાસ કરીને સૌરાષ્ટ્રભરના ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે આ હોસ્પિટલ આશીર્વાદરૂપ સાબિત થશે. ગરીબ દર્દીઓને તમામ જરૂરી સુવિધાઓ વિનામૂલ્યે અથવા ટોકન દરે ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા રહેશે. તો સાથે જ, દર્દીઓને મુંબઈ, દિલ્હી, અમદાવાદ, ચેન્નાઇ જેવા મહાનગરોમાં જવાની જરૂર ન રહે તે માટે વર્લ્ડ ક્લાસ સુવિધાઓ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

કેન્સર હોસ્પિટલના પ્રેઝન્ટેશન કાર્યક્રમ દરમિયાન શ્રી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલે મહત્વનું નિવેદન આપતાં જણાવ્યું હતું કે, શનિવારના રોજ ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ બાબતેનો માસ્ટર પ્લાન તૈયાર થઈ જતા ઉદ્યોગપતિઓની હાજરીમાં તે બાબતેની માહિતી આપવામાં આવી હતી. શ્રી ખોડલધામ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કેન્સર હોસ્પિટલ નહીં નફો નહીં નુકસાનના સિદ્ધાંત સાથે કામ કરવા જઈ રહી છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ દ્વારા કેન્સર હોસ્પિટલનું નિર્માણ કાર્ય શરૂ થાય તે પૂર્વે જ મારા દ્વારા ૨૭ જેટલી કેન્સર હોસ્પિટલની મુલાકાત લેવામાં આવી હતી. તેમજ દરેક હોસ્પિટલમાં જે જે ખાસિયતો હોય તે તમામ ખાસિયતો (સુવિધાઓ) એક જ આંગણે કઈ રીતે આપી શકાય તે અંગે ઊંડાણ પૂર્વક મનોમંથન કરીને માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. અહીંયા આવનારા દર્દીનારાયણને કેન્સરની બીમારીના ઈલાજ માટે અન્યત્ર કોઈ જગ્યાએ કન્સલ્ટિંગ, ટ્રીટમેન્ટ તેમજ રિપોર્ટ અર્થે બહાર ન જવું પડે તે માટે વિદેશોમાં મેન્યુફેક્ચરિંગ થતી હોઈ તે પ્રકારની મોંઘીદાટ અને બીમારીના ઈલાજ માટે આવશ્યક એવી લાખો, કરોડો રૂપિયાની કિંમતી મશીનરી અહીંયા સારવાર માટે વિદેશોમાંથી ઈમ્પોર્ટ કરીને ઉપલબ્ધ કરાવવામાં આવશે. કેન્સરની બીમારીના ઈલાજ માટે હાલ રાજકોટ અને સૌરાષ્ટ્રમાં કેટલીક હોસ્પિટલ સરકારી, ચેરીટી સંસ્થાઓ સાથે જોડાયેલ તેમજ પ્રાઈવેટ હોસ્પિટલ દ્વારા કેન્સરની સારવાર કરવામાં આવે છે. પરંતુ કેટલીક જગ્યાએ કેન્સરની બીમારીનું વન સ્ટોપ સોલ્યુશન એટલે કે એક જ છત નીચે તમામ સ્વાસ્થ્યલક્ષી સુવિધા નથી મળી રહી, તો કેટલીક જગ્યાએ સારવાર પ્રમાણમાં ખૂબ જ ખર્ચાળ છે. ત્યારે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા સમાજના ૧૮ વર્ણની ચિંતા અર્થે આગામી સમયમાં દર્દીનારાયણની સેવા કાજે કેન્સર હોસ્પિટલનું નિર્માણ કાર્ય શરૂ કરવા જઈ રહ્યા છીએ. જ્યાં ન માત્ર કેન્સરના દર્દીઓનો ઈલાજ થશે તેની સાથો સાથ કેન્સર રિલેટેડ રિસર્ચ પણ કરી શકાશે. હોસ્પિટલ ખાતે તબીબો, નર્સિંગ સ્ટાફ તેમજ દર્દીની સાથે આવેલા પરિવારજનોને પણ રહેવા તેમજ જમવા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. કેન્સર હોસ્પિટલ ખાતે એજ્યુકેશન હેતુ માટે ઓડીટોરીયમ તેમજ મેડીટેશન હોલ પણ બનાવવામાં આવશે. કેન્સરના દર્દીઓ માટે દવાની સાથો સાથ મેડિટેશન પણ ખૂબ જ આવશ્યક છે.

પદ્મશ્રી ડો. રાજેન્દ્ર બડવેએ જણાવ્યું હતું કે, ભારત ભરમાં સૌથી વધુ કેન્સરના કેસ નોર્થ ઈસ્ટમાં જોવા મળે છે. જ્યારે કે, રાજકોટ અને સૌરાષ્ટ્રના કેન્સરના દર્દીઓના આંકડાઓની વાત કરીએ તો, ૧ લાખની વસ્તીમાં ૬૦ થી ૭૦ જેટલા વ્યક્તિઓમાં કેન્સરની બીમારી જોવા મળતી હોય છે. જ્યારે કે, પશ્ચિમી દેશો એટલે કે, અમેરિકા અને ઈંગ્લેન્ડ જેવા દેશોમાં પ્રતિ લાખ વ્યક્તિએ ૩૬૦ જેટલા દર્દીઓ કેન્સરના મળી આવે છે. ત્યારે આગામી સમયમાં ખોડલધામ દ્વારા બનાવવાના આવનાર કેન્સર હોસ્પિટલમાં આંતરરાષ્ટ્રીય સ્તરની સારવાર પદ્ધતિ, આધુનિક ટેકનોલોજી અને દર્દી કેન્દ્રિત અભિગમ અપનાવવામાં આવશે, જેથી અહીં આવનારા દર્દીઓને શ્રેષ્ઠ સારવાર મળી શકે. ખોડલધામ દ્વારા નિર્માણ પામતી કેન્સર હોસ્પિટલ રાજકોટ-સૌરાષ્ટ્રના આરોગ્ય ક્ષેત્રે એક ઐતિહાસિક પગલું સાબિત થશે.

ઉલ્લેખનીય છે કે, ખોડલધામ ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામનાર કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ જેમના માર્ગદર્શનમાં બનાવવામાં આવી રહી છે તેવા પદ્મશ્રી ડોક્ટર રાજેન્દ્ર બડવે દ્વારા અત્યાર સુધીમાં ટાટા ગ્રુપની ૧૦ જેટલી હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે. તેમજ દેશના વડાપ્રધાન અને વારાણસીથી સાંસદ નરેન્દ્ર મોદીના મતવિસ્તારમાં પણ તેમના ડ્રીમ પ્રોજેક્ટ સમાન હોસ્પિટલ પણ તૈયાર કરવામાં આવી છે.

શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ફાઈનલ માસ્ટર પ્લાન રજૂ કરવાના પ્રસંગે ટ્રસ્ટીશ્રીઓ, સર્વ સમાજના ઉદ્યોગપતિશ્રીઓ, ડોક્ટરશ્રીઓ, વિવિધ સમાજના અગ્રણીશ્રીઓ સહિતના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉકાઈ કેનાલ ૩૫ દિવસ બંધ, નોટીફાઈડ એરિયામાં સવારે ૬ થી ૯ વાગ્યા સુધી પાણી મળશે

અંકલેશ્વર જીઆઈડીસી અને નોટીફાઈડ રહેણાંક વિસ્તાર તેમજ અંકલેશ્વર શહેરને પાણી પુરુ પાડતી ઉકાઈ જમણા કાંઠાની કેનાલને ૯૦ના બદલે હવે માત્ર ૩૫ દિવસ માટે જ બંધ રાખવામાં આવશે.

તારીખ ૨૯ મી ડિસેમ્બર સાંજથી કેનાલમાં ઉકાઈ ડેમમાંથી આપવામાં આવતો પાણી પુરવઠો બંધ કરી દેવામાંઆવ્યો છે. કેનાલ પર આવેલાં એકવા ડક અને સાયફન જર્જરિત બની જતાં તેના સમારકામ અને નવીનીકરણ માટે ૯૦ દિવસનું શટડાઉન લેવાનું હતું પણ દિવાળી પછી થયેલા માવઠામાં ખેડૂતોનો ડાંગરનો પાક નષ્ટ થતાં તેમને ત્રીજી વખત પાક લેવાની ફરજ પડી હોવાથી સિંચાઈ માટે પાણીની જરૂરીયાત ઉભી થઈ છે. રાજ્ય સરકારે ઉકાઈ જમણા કાંઠાની કેનાલને માત્ર ૩૫ દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય લીધો છે. રવિ પાકોને સિંચાઈ માટે પાણી મળી રહે તે માટે ફેબ્રુઆરી મહિનાથી કેનાલમાં ફરી પાણી છોડવાની શરૂઆત કરી દેવામાં આવશે. અગાઉ ૨૬મી ડિસેમ્બરથી કેનાલ બંધ કરવાની હતી પરંતુ ખેડૂતોની માગણીને ધ્યાને રાખીને ૨૯મીથી કેનાલને ૩૫ દિવસ માટે બંધકરવામો આવી છે. કેનાલ બંધ રાખી રીપેરિંગ અને સફાઈ સહિતની કામગીરી કરવામાં આવશે. ૩૫ દિવસ બાદ એક મહિના સુધી કેનાલમાં ૩૫૫૦ ક્યુસેક પાણી છોડવામાં આવશે. દિવાળી બાદ થયેલાં માવઠાના કારણે ખેડૂતોનો ડાંગરનો પાક નષ્ટ પામ્યો છે.

અંક્લેશ્વર નોટીફાઇડના રહેણાંક વિસ્તારોને પણ ઉકાઈ જમણા કાંઠાની કેનાલમાંથી પાણી પુરૂ પાડવામાં આવે છે. હાલ જીઆઇડીસી તળાવમાં પાણીનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તળાવમાં સંગ્રહિત જથ્થામાંથી લોકોને પીવાનું પાણી પુરૂ પડાશે. નોટીફાઈડ એરિયામાં સવારે ૬ થી ૯ વાગ્યા સુધી પાણી આપવામાં આવશે. જ્યારે ઉદ્યોગોને સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી પાણી મળી રહેશે. અંકલેશ્વર શહેરને ગામ તળાવમાંથી પીવાનું પાણી પુરૂ પાડવામાં આવશે અને જરૂર પડયે બોર ચાલુ કરવામાં આવશે. હવે ખેડૂતોને ઉનાળુ ડાંગરની ખેતી કરવાની ફરજ પડી છે. તેમને સિંચાઈ માટે પાણી મળી રહે તે માટે ફેબ્રુઆરીથી કેનાલમાં પાણી છોડવાનું શરૂ કરી દેવામાં આવશે.

## વાસદથી કીમ સુધીનો એક્સપ્રેસ-વે ઉત્તરાયણ સુધીમાં કાર્યરત થઈ જવાની સંભાવના

વાસદ-(વડોદરા) અને ભરૂચના દહેગામને જોડતાં નવા એક્સપ્રેસ હાઈવેને પુનગામ (અંકલેશ્વર) સુધી ખુલ્લો મુકાયો છે. હવે ઉત્તરાયણ સુધીમાં આ એક્સપ્રેસ વે ને પુનગામથી કીમ સુધી ખુલ્લો મુકી દેવાના ચક્રો ગતિમાન થયા છે. જેના કારણે વાસદથી સુરત તરફ જતાં વાહનોને ભરૂચ શહેરમાંથી પસાર થવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે. અંક્લેશ્વર, હાંસોટ અને ઓલપાડ તરફથી જતાં અને આવતાં વાહનો પુનગામ પાસેથી નવા એક્સપ્રેસ વે ની કનેકટીવીટી મેળવી શકશે.

દિલ્હી અને મુંબઈને જોડતા નેશનલ એક્સપ્રેસ હાઈવે પર હવે વાસદથી સીધા કીમ સુધી જઈ શકાશે. ઉત્તરાયણ સુધીમાં પુનગામથી કીમ સુધીના માર્ગને ખુલ્લો મુકી દેવાશે તેમ હાઈવે ઑથોરિટીએ જણાવ્યું હતું. અત્યારે વાસદ તરફથી આવતાં અને જતાં વાહનોને પુનગામ પાસેથી હાઈવે પરથી નીચે ઉતરીને સુરત તરફ જવું પડતું હોય છે. સુરત તરફથી આવતાં વાહનો પુનગામ પાસેથી હાઈવે પર વાસદ તરફ જઈ શકે છે. હવે પુનગામથી કીમ સુધીનો માર્ગ તૈયાર થઈ જતાં ૩ જયારે આ રસ્તો ખુલ્લો મુકાશે ત્યારે વાસદ તરફથી આવતાં અને જતાં વાહનો સીધા કીમ સુધી જઈ શકશે. આ માર્ગને ખુલ્લો મુકાતાં વાહનચાલકોનો ભરૂચ થઈને જવાનો ૩૦ કિમીનો ફેરાવો ઓછો થઈ જશે અને ભરૂચ શહેરવાસીઓને એક્સપ્રેસ પરથી આવતાં વાહનોના ટ્રાફિકમાંથી મુક્તિ મળશે. ભરૂચ શહેરમાં સર્જાતા ટ્રાફિકજામને નિવારવા માટે વાસદ - દહેગામ હાઈવેને પુનગામ સુધી ખુલ્લો મુકી દેવાયો હતો જેના કારણે વાહનચાલકોનો વાયા ભરૂચ થઈને જવાનો ૩૦ કિમીનો ફેરાવો બચી જવાની સાથે દોઢ કલાકનો સમય બચી રહયો હતો. હવે વાહનો નવા હાઈવે પરથી સીધા કીમ સુધી જઈ શકશે. ખાસ તો અત્યારે જે પહેલાના હાઈવે ઉપર ટ્રાફિકનું ભારણ છે તે પણ ઓછું થશે. કારણકે હવે સુરત જેવી મોટી સિટીનો ટ્રાફિક એક્સપ્રેસ વેનો ઉપયોગ કરવાની સંભાવનાઓ પ્રબળ બની છે.

જો કે પુંગામ નજીક હંગામી ધોરણે જે રસ્તો બનાવ્યો છે તેનો ઢાળ વિકટ હોવાથી વાહનચાલકો માટે વાહન ચઢાવવું કસોટીરૂપ બને છે. તેથી તે જગ્યાએ જલદી એન્ટ્રી એક્ઝીટ બને તે જરૂરી છે.

Janardan Mahant +91 93747 27216
Dhruv Mahant +91 70961 00434

**J. Mahant & Co.**

Labour Management Consultant & Advocate

- The Code on Wages, 2019
- The Industrial Relations Code, 2020
- The Code on Social Security, 2020
- The Occupational Safety, Health and Working Conditions Code, 2020

Monthly Compliance for EPF / ESIC / Labour Department, Departmental Inspection / Pay Roll Management, Labour License / Factory License / BOCW Registration/ Profesional Tax Registration

**Branch Office** : C-35, Narayan Square, Link Road., Bharuch. Mob: +91 70961 02434
**Head Office:** 304, Sankalp, Nanpura Police Street, Nanpura, Surat - 395 001, Gujarat | Mob: **+91 99243 93777**
janardanmahant@gmail.com | www.jmahant.com

PERFECT SCALE SINCE - 1988

Govt. Approved
**PERFECT SCALE**
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY

*One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation*

12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

SOUTH INDIA ROADWAYS ANK.
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT

**KAUSHIK PACKERS & MOVERS**

Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288

98244 21113 93779 61211
98245 02113 93740 26633

SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE

Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

YATHARTH

**YATHARTH REFRACTORY LINING WORKS**

ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER

Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work

Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / **EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL**
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002